## સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આત્મા પ્રોજેક્ટ, જુનાગઢ જિલ્લાના ખેડૂતો માટે ત્રિ-દીવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

---

સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આત્મા પ્રોજેક્ટ, જુનાગઢ જિલ્લાના માળીયા અને માંગરોલ તાલુકાની ૧૦૮ મહિલા ખેડૂતો માટે તા. ૩૦.૦૯.૨૦૨૪ થી ૦૨.૧૦.૨૦૨૪ દરમિયાન ત્રિ-દીવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં પશુપાલન તેમજ દુધની બનાવટો, સંકલિત જીવાત વ્યવસ્થાપન, સજીવ ખેતીમાં જૈવિક ખાતરો, બેકરીની વિવિધ વાનગી અંગેની માહિતી, કિચન ગાર્ડન અને મુલ્યવર્ધન, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિ મહત્વ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ જેવા વિષયો પર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યુ હતું. વધુમાં, મહિલા ખેડૂતોએ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત પણ લીધેલ. સદર તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ હાજર રહેલ હતા. આ તાલીમનું સફળ સંચાલન શ્રીમતી પ્રવિણાબેન પરમાર, ખેતી મદદનીશ દ્વારા કરવામાં આવેલ.




